# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ.

<u>પરિપત્રઃ-</u>

આથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન LL.M. અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓને જણાવવામાં આવે છે કે, LL.M. અનુસ્નાતક(PG)નાં અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષઃ૨૦૨૧-૨૨ માટે વિદ્યાર્થીઓનાં પ્રવેશ માટેની કાર્યવાહી કોલેજ કક્ષાએ ઓનલાઇન કરવાની રહેશે. પ્રવેશ માટેની કાર્યવાહી તારીખઃ૨૭/૦૯/૨૦૨૧ થી ૧૧/૧૦/૨૦૨૧ સુધી રાખેલ હતી. કોઈ પણ વિદ્યાર્થી પ્રવેશથી વંચિત ના રહે તે હેતુથી છેલ્લી તારીખમાં મુદત વધારી આપવા કરેલ માંગણીને ધ્યાને લઇ માન.કુલપતિશ્રીની આજ્ઞાનુસાર પ્રવેશ પ્રક્રિયાની મુદત વધારીને તારીખઃ૧૮/૧૦/૨૦૨૧ સુધી લંબાવવામાં આવેલ છે. ઓનલાઇન પ્રવેશ માટે પ્રત્યેક અનુસ્નાતક કેન્દ્રનાં ઇન્ચાર્જશ્રીઓને <u>ગત વર્ષે આપેલ યુઝર આઇડી તથા પાસવર્ડ યથાવત રહેશે.</u> કોલેજ/અનુસ્નાતક કેન્દ્ર દ્વારા ઓનલાઇન પ્રવેશ માટેનું શેડ્યુલ નિયત કરવાનું રહેશે. મેરીટક્રમમાં આવેલ વિદ્યાર્થી ફી ભરવા આવે ત્યારે તેના ઓરિજિનલ ડોક્યુમેન્ટસ સાથે સંસ્થાએ વેરીફીકેશન કરવાનું રહેશે. આ સમયે Covid-19ની માર્ગદર્શીકાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. વિદ્યાર્થીઓનાં પ્રવેશ અંગેના નિયમો, વિદ્યાર્થીઓનાં પ્રવેશની સંખ્યા (ઇન્ટેક) અને રાજ્ય સરકારશ્રી/યુ.જી.સી. દ્વારા નિયત થયેલ અનામત નીતિ મુજબ જ પ્રવેશ પ્રક્રિયા કરવાની રહેશે. તેમજ માન્ય સંસ્થાઓની મંજુર થયેલ ઇન્ટેકની મર્યાદામાં જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે. ઇન્ટેક કેપેસીટીથી વધુ આપવામાં આવેલ પ્રવેશનાં એનરોલમેન્ટ/એનલીસ્ટમેન્ટ/રજીસ્ટ્રેશન સ્વીકારવામાં આવશે નહી અને તે અંગે ઉપસ્થિત થતી તમામ જવાબદારી આચાર્યશ્રી/સંચાલકશ્રી/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીની રહેશે, જેની ખાસ નોંધ લેવી.

- ઓનલાઇન પ્રવેશ માટેની વેબસાઇટઃ- <u>http://bknmuadm.icrp.in</u> → college registration and merit

કા.કુલસચિવ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/ 1278/૨૦૨૧
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનિક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા-જૂનાગઢ.
તા.૧૩/૧૦/૨૦૨૧

પ્રતિ,

- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ LL.M. અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ/વડાઓ તરફ......

<u>નકલ સાદર રવાનાઃ-</u>

(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી.

<u>નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:</u>

(૧) પરીક્ષા વિભાગ.

(૨) આઇ.ટી.સેલ વિભાગ વેબસાઇટ ઉપર પ્રસિદ્ધ થવા અર્થે.